SC/48/2010 ORDER

Registration No.: SC/48/2010
Filing No.: SC/48/2010
Filed On: 14/11/2010
Registered On : 14/11/2010

**IN THE DISTRICT COURT AT PALANPUR**

**SESSIONS CASE NO. 48 OF 2010.**
**WITH**
**SC/20/2011**

**Complainant**:

1. THE STAE
   PALANPUR.
   PALAPUR

**VERSUS**

**Accused**:

1. RAJENDRASIH@RAJAN DALAPATSINH BARAD
   MOTASADA, TA. DANTA, DIST.B.K.
   DANTA

---

**Appearance:**
U.B.ACHARYA For Complainant 1

B.S.PARMAR For Accused 1

---

**આંક. ૧૯ નીચે હુકમ**

**(૧) અરજદારો તરફે એડવોકેટ શ્રી એચ.સી. પટેલ તથા પ્રોસીકયુશન તરફે પબ્લીક પ્રોસીકયુશન શ્રી યુ.બી. આચાર્યની દલીલો સાંભળવામાં આવેલ છે, તથા રજુ દસ્તાવેજી પુરાવા, પોલીસ તપાસના**

કાગળો વિગેરે વંચાણે લીધા.

(૨) આ કામના અરજદારોએ આ અરજીમાં જણાવેલ વિગતે તેઓને તેમની સામેના ગુનામાંથી ડીસ્ચાર્જ કરવા માટે આ અરજી આપેલી છે. હું આ અરજીની નીચે જ હુકમ કરતો હોય અરજીની હકીકતોનુ વારંવાર પુનરાવર્તન ન થાય તે માટે તેની ચર્ચા કરતો નથી.

(૩) અરજદાર તરફે મુખ્યત્વે તેમની અરજીને અનુરૂપ દલીલો કરવામાં આવેલ છે. અરજદાર તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આરોપીઓ સામે કોઈપણ પ્રકારનો પુરાવો પોલીસ તપાસના કાગળમાંથી મળી આવેલો નથી. આ સમગ્ર કેસ સાંયોગિક પુરાવા ઉપર આધારીત છે. અરજદારોની સંડોવણીનો કોઈપણ જાતનો લેશમાત્ર પુરાવો નથી અને અરજદારોને ગુનામાં ખોટી રીતે જોડી દેવામાં આવેલા છે. ફરીયાદીએ બનાવના કેટલાય દિવસો બાદ ખોટી રીતે અરજદાર/ આરોપીઓને જોડી દેતી ફરીયાદ આપેલ છે, તે માની શકાય તેવી નથી. ત્યારે આરોપીઓ સામે ચાર્જફ્રેમ કરી શકાય તેવો કોઈ પુરાવો ન હોઈ તેમને ડીસ્ચાર્જ કરવા અરજ કરેલી છે.

અરજદાર તરફે એડવોકેટે તેમની દલીલોમાં નીચે મુજબના ચુકાદાઓ ટાંકેલા છે.

૧. હેમચંદ વિ. સ્ટેટ ઓફ ઝારખંડ, (૨૦૦૮)૫, સુપ્રિમ કોર્ટ કેસીસ, પાન નં. ૧૧૩.

૨. પી. વિજયન વિ. સ્ટેટ ઓફ કેરાલા અને બીજા, (૨૦૧૦)૨, સુપ્રિમ કોર્ટ કેસીસ, પાન નં. ૩૯૮,

૩. યોગેશ ઉર્ફે સચીન જગદીશ જોષી વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, ૨૦૦૮, ક્રિ.લો.જ., પાન નં. ૩૮૭૨ (સુપ્રિમ કોર્ટ),

૪. મનગરસિંહ અને બીજા વિ. સ્ટેટ ઓફ ઝારખંડ, ૨૦૦૮,

ક્રિ.લો.જ. પાન નં. ૧૧૬૭ (ઝારખંડ હાઈકોર્ટ),

૫. ઓનકારનાથ મીશ્રા અને બીજા વિ. સ્ટેટ ઓફ દિલ્હી (૨૦૦૮)૨, સૂપ્રિમ કોર્ટ કેસીસ, પાન નં. ૫૬૧.

(૪) સામાવાળા સ્ટેટ તરફે પબ્લીક પ્રોસીકયુટર શ્રી યુ.બી. આચાર્ય એ એવી દલીલ કરેલી છે કે, આ સમગ્ર કેસ સર્કમસ્ટાન્સિઅલ એવીડન્સ ઉપર આધારીત કેસ છે. પોલીસ તપાસના કાગળો વંચાણે લેતાં આરોપી સામે પ્રથમદર્શીય કેસ છે. ફરીયાદમાં ફરીયાદીએ પણ આરોપીઓના નામ આપેલા છે. સાહેદોના નિવેદનોમાંથી પણ બનાવ સમયે આરોપીઓની હાજરી આવે છે. ઈન્કવેસ્ટ પંચનામુ જોતાં લાશ સળગી ગયેલ હોવાનો પુરાવો છે. પોલીસ તપાસના કાગળો વંચાણે લેતાં શોર્ટસર્કીટથી આગ લાગેલ હોવાનો કોઈ કેસ નથી. ત્યારે આ તબકકે પુરાવાનુ એપ્રીએશન કરવા માટેનો આ કોઈ તબકકો નથી. અગાઉ રાજેન્દ્રસિંહ દલપતસિંહની અરજી નામંજુર કરવામાં આવેલ છે, તેમણે ફરીથી આ અરજી કરેલી છે. ત્યારે અરજદારોની અરજી કાયદેસર ચાલી શકે તેમ ન હોઈ, અરજી રદ કરવા અરજ કરેલી છે.

(૫) પક્ષકારોના એડવોકેટસની દલીલો અને રજુ દસ્તાવેજી પુરાવા, પોલીસ તપાસના કાગળો, ઈન્કવેસ્ટ પંચનામું, સાહેદોના નિવેદનો અને એફ.એસ.એલ. અધિકારીએ કરેલ સ્થળ નિરીક્ષણનો રીપોર્ટ વિગેરે જોતાં, એ હકીકત સ્પષ્ટ થાય છે કે, તા. ૨૮/૧૦/૨૦૦૮ ના રાત્રીના સમયથી તા. ૨૯/૧૦/૨૦૦૮ ની વહેલી સવાર વચ્ચે સંજયગીરી જે નીચે પાંડવોની ગૂફામાં રહેતા હતા ત્યાં સળગી જવાથી મૃત્યુ પામેલા. એફ.એસ.એલ. અધિકારીએ તેમની તપાસ બાદના અભીપ્રાયમાં જણાવ્યા મુજબ ડેડબોડી જયાં પડેલ હતી તે જગ્યાએ બળેલ, અર્ધબળેલ મટીરીયલ, કેરોસીન જેવા પ્રવાહી વાળુ પ્લાસ્ટીકનું કેન તેમજ ડેડબોડીની થોડે નજીકમાંથી દિવાસળીની સળી

નંગ–૨ મળી આવેલ. એફ.એસ.એલ. ના રીપોર્ટ મુજબ ગુના સ્થળેથી મળી આવેલ કપડાના ટૂકડામાંથી કેરોસીન ની હાજરી મળી આવેલ છે. એફ.એસ.એલ.ના પરીક્ષણ દરમીયાન કોઈ શોર્ટસર્કીટ થયેલ હોવાનુ માલુમ પડેલું નથી. તે જોતાં સંજયગીરીનું મૃત્યુ કેરોસીન છાંટી દિવાસળી ચોંપી સળગાવી દીધેલ હોવાની હકીકત અંગેનો પ્રથમદર્શીય કેસ છે. ફરીયાદી જયંતીભાઈ ધનજીભાઈ પ્રજાપતિ તેમજ સાહેદ જશુભાઈ ચેલાભાઈ તેમજ સાહેદ લક્ષ્મીબેન મફાભાઈ વિગેરેના નિવેદનો વંચાણે લેતાં આ બનાવ બન્યો ત્યારે આરોપીઓની હાજરી હોવાનુ તેમાંથી પ્રથમદર્શીય ફલિત થાય છે. ફરીયાદીએ આરોપીઓ સામે સ્પષ્ટપણે આક્ષેપ કરેલા છે અને ફરીયાદીની ફરીયાદ અને નિવેદનમાંથી પણ આરોપીઓ સામે પ્રથમદર્શીય કેસ છે. પ્રોસીકયુશન તરફથી કબજે કરેલ મોબાઈલ અને ટેલીફોનની વાતચીતનું રેકર્ડ જોતાં બંને આરોપીઓએ ટેલીફોન ઉપર વારંવાર વાતચીત કરેલ હોવાનો સાંયોગિક પુરાવો છે. તે જોતાં આરોપીઓ સામે ચાર્જફ્રેમ કરવા માટેનો પ્રથમદર્શીય પુરાવો છે. ક્રિ.પ્રો.કોડની કલમ ૨૨૭ હેઠળ ચાર્જફ્રેમ કરવાનો હોય ત્યારે અદાલતે એ જોવાનુ રહે છે કે આરોપી સામે ચાર્જફ્રેમ કરવા માટે પૂરતી હકીકત છે કે કેમ, તે જોવાનું હોય છે. આરોપીઓ સામે પુરાવો માનવા લાયક છે કે કેમ, તે હકીકત ચાર્જના તબકકે જોવાની રહેતી નથી. તેમજ ચાર્જના તબકકે આરોપીને સજા ફરમાવી શકાય તેવો પુરાવો છે કે કેમ તે જોવાનું રહેતુ નથી. પરંતુ ચાર્જફ્રેમ કરતી વખતે અદાલતે માત્ર એટલું જોવાનું હોય છે કે સાહેદોના નિવેદનો, રજુ દસ્તાવેજી પુરાવા વિગેરે ઉપરથી આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માટે પૂરતી હકીકત છે કે કેમ ? અને જો આરોપી સામે પૂરતી હકીકત હોય તો ચાર્જફ્રેમ કરવાનો હોય છે. અને આ તમામ સંજોગોને ધ્યાને લેતાં, તેમજ ફરીયાદી સાહેદોના નિવેદનો ને ધ્યાને લેતાં, તેમજ રજુ દસ્તાવેજી પુરાવા, કોલ ડીટેલ્સ, સાયન્ટીફીક અહેવાલ

વિગેરે ધ્યાને લેતાં આરોપીઓ સામે તેમની સામેના આક્ષેપો મુજબ ચાર્જફ્રેમ કરવા માટેનો પ્રથમદર્શીય કેસ હોવાનું હું માનુ છું. એટલું જ નહિ આ અગાઉ આરોપી રાજેન્દ્રસિંહ ઉર્ફે રાજન દલપતસિંહની ડીસ્ચાર્જ અરજી મારા પૂરોગામીએ કરેલા હુકમ મુજબ જ નામંજુર કરવામાં આવેલ છે. આરોપીઓ તરફે રજુ કરેલા ઉપરોકત ચુકાદા વાળા કેસોની હકીકતો જોતાં, એ ચુકાદા વાળા કેસોની હકીકતો ઘણી જુદી છે. જયારે મારી સમક્ષના કેસમાં મે ઉપર ચર્ચા કરી તે પ્રમાણે આરોપીઓ સામે ચાર્જફ્રેમ કરવા માટે પુરતો પુરાવો છે. ફરીયાદીની ફરીયાદ અને નિવેદનમાં પણ સ્પષ્ટપણે આરોપીઓના નામ આપેલા છે. ત્યારે આ તબકકે ચાર્જફ્રેમ કરવા માટેનો પુરતો પુરાવો હોય, આરોપીઓની અરજી નામંજુર કરવા પાત્ર હોઈ હું નીચે મુજબ હુકમ કરૂ છું.

## <u>હુ ક મ</u>

(૧) આરોપીઓની આ અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૬ માહે **મે**, સને **૨૦૧૩** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

પાલનપુર.
તા. ૬/૦૫/૨૦૧૩.

**(પટેલ કનુભાઈ શંકરભાઈ)**
એડીશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા – પાલનપુર.
**(કોડ નં. GJ00266)**

*//Raval//*